પતીં તજી પરલોક સિધાવ્યા, કની જીવતર મમ ખારૂ-રાજ.
ચંદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમનની આશે;
સુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો આકાશે-રાજ
અરપ્યું મે સર્વસ્વ સ્વામીને, પ્રેમની કફની ધારી,
તજી જગત જંજાળ સર્વ હું, પ્રીતે ભજું ત્રિપુરારી-રાજ.

(૨૯૨)—બુદ્ધદેવ—

કાયા કાચ કુપો, તું તો ચેત રે, હિણુ ભાગી હંસા.
અવિચળ પદીને તું પેખરે, હિણુ ભાગી હંસા-કાયા.
ઝાઝવાના નીર સમજ આ, કાચી જીંદગાની તારી;
મમતા મુકી દે ને તું કારીરે, હિણુ ભાગી હંસા-કાયા
બે દિનના છે ધરજળ સઘળા, બે દિન અહિ રહેવાનુ છે.
બે દિનના છે સગાસબંધી, બે દિન સુખ લેવાનું છે
બે દિનનો છે પંખી મેળો, અંતે ઉડી જવાનું છે
લોકો જેને દુનિયા કહે તે, એક મુસાફર ખાનું છે-કાયા.

(૨૯૩)—ના. સુ નો. અંધ સારંગીવાળો—

દુઃખી સ્થીતી થઇ મારી, રૂદનથી શું મળે યારી,
વૃથા ગઇ સર્વ આજીજી, મળી ગઇ ધુળ સૌ બાજી.
સંબંધી મિત્ર સૌ નાઠા, બન્યા બહુક્રુર શી આશા;
મનુષ્યોની મદદ એવી, દિવાલો રેતની જેવી
વિપત્તી શીર ભલે આવો, દુખો સૌ ત્રાસ ઉપજાવો,
નથી ડરતો કશાથી હું, મરણથી ત્રાસ વધતો શુ.
હઠો આવો ન મુજ પાસે, જગત સૌ સ્વાર્થમય ભાસે;
હરી હુ છું શરણ તારે, ભવાબ્ધીથી ઉગારી લે.

(૨૯૪)—લક્ષ્મી વિજય—

સાચો પારસમણી, મળે મિત્ર ભાગ્ય કહી,
કપટી, સ્વાર્થી, પાષાણ છે જહી-તહીં.—સાચો૦
આધી વ્યાધી, ઉપાધી મટાવે, તન મનના, સૌ તાપ સમાવે.
પુન્યશાળિ-જન-કવચિત પામે,
વિપત્તિ શહાયક, દુર્લભ વિશ્વ મહીં—સાચો૦

(૨૯૫)—મહાશ્વેતા કાદંબરી—

અત્યુત્તમ, પદ મિત્ર તણું, આ સંસારે સમજાય,
આ અવનિમાં, અન્ય ઘણા જે, સુખના સાથી થાય.
માતા પિતા ભ્રાતા થકી, વળી ગુપ્ત, પ્રિયજન સ્વજનથી,
જે ગુપ્તમાં ગુપ્ત તે પણ, ગુપ્ત મિત્ર થકી નથી.
મિત્ર રત્નથી, આ ભવ રણની, સફર, સફળ થઈ જાય,

સમૃદ્ધી ચૌદ, ભુવન તણી, પુરૂષાર્થે, મળવી સ્હેલ છે.
સદ્દભાગ્ય વિણુ સનમિત્રની, પ્રાપ્તી, મ્હા મુસ્કેલ છે,
શબ્દ લઘુ પણ, અર્થ અધિક બે, અક્ષર માંહિ સમાય.

(૨૯૬)—બુદ્ધદેવ—

દુઃખીને ડરાવે શાને, મરેલાને મારે શાને;
બળેલાને બાળે શાને, વૈરી વિધિ
રીઝાવી સતાવે શાને, સતાવી રીબાવે શાને;
રીબાવી જીવાડે શાને, દયાના નિધિ.
શશિને કલકો દીધા, ગુલાબો મનોહર કીધાં;
કીધાં સા તો કાંટા દીધાં, દીનોના નિશાશા લીધા;
નિયંતા તેં આવી શાને, અનીતી કીધી-દુ,ખી.
ચંદનને કુસુમ ન દીધાં, સાગર જળ ખારાં કીધા
અમૃત કહી ઝેર દીધાં, જીવન અકારાં કીધાં;
રમણી હૃદયે આશા, નિરાશા, દીધી—દુ ખી

(૨૯૭)—મહાશ્વેતા કાદંબરી—

હા જઈ મળુ આજે મિત્રને, પ્રાણ પ્યારા ...હાં જઈ,
સુન્ય હૃદય આ મિત્ર વિનાનું, જેવુ પુસ્પ સુવાસ વિનાનુ.
તું જ વિરહે હત ભાગ્ય હુ માનું,
ભેટીશ ભગવતી સુંદરીને, મનોહરી મધુરીને મળાશે.
મનમાન્યો મદનોત્સવ થાશે,
ભેટીશ ભગવતી સુન્દરીને—હા જઇ

(૨૯૮)—ચન્દ્રહાશ—

ચાતોરે દુઃખદ કલેશ, સહુને ઘર વિશે મનમાં સહુને,
કેમજ મુકુ મિત્ર ભુવનને.
એક તરફથી મીત્ર વળગતો, બીજી તરફથી બેન મારા—કેમજ.
મન મુસ્કેલી ઉપજી છે મોટી, કેમ ચાલુ કરી ન્યારા—કેમજ.

(૨૯૯)—મદાલશા—

ઘડી ઘડી બદલાય, વાતે વાતે પલટાય, એવા તાલી મિત્ર કહેવાય.
દુખે દુખી થાય, સુખે સુખી જણાય, એવા સન્મિત્ર વિરલાય.
ચદ્રાપિડ જે ધીરવીર, મિત્ર માટે તજ્યા પ્રાણ,
એવી મિત્રતા માહરી, જાણો ચતુર સુજાણ.
મિત્ર બે અક્ષર, શાન્તિ સમાન પુરૂષનું ખરૂ,
હૃદય સ્થાન પ્રિયા પાસે, પણ જે ના કેવાય.
અંતર પડદો મિત્ર પાસે, ખોલાય...ઘડી ઘડી
વિપત્તી આવે જે શમ, ખરી પરીક્ષા થાય,
પ્રીયા ભ્રાતને મિત્રની, કશોટી સાચી જણાય.

ઋતુ-ધ્વજ તવ માનજો સારા, પ્રસંગ પહેલા,
બોલે એ ઠગારા વખત આવે સનમિત્ર વરતાય
ખરા ખોટાની તવ પતિ તજ થાય...ઘડી ઘડી

(૩૦૦)—બુધદેવ—

કોઇ કહેજોરે મનમોહનને દિલમોહનને,
હારે તમ વિણુ લીધી ફકીરી
ગળે કફની ને મૃગછાલા, અંગ વિભૂતિ લગાવીને
શોધે વનને ગેબી ગુફાઓ, અલખ ધ્વનિ જગાવીને—કોઇ.
પંથી પિયુ અમને તજી, ઉડી ગયા પરદેશ,
સંદેશા કે સાંઇ નહિ, ભાળ ન મળી લવલેશ—કોઇ.

(૩૦૧)—મદાલશા—

સીધાવો સ્વામી, મન વિરામી, મિત્ર સમાગમને પ્રીછું.
આશિશ મારી દેજો ઉચારી, આનંદકારી એ ઇચ્છું-સી૦
આમંત્રણ દઇ આવો પાછા, મિત્ર ધર્મ બતાવો.
પત્નીને પણ મિત્ર સમાગમનો, પતિ આપો લ્હાવો-સી૦
ધન્ય ધન્ય છે મદાલશા તુજને, મુજ મનને જાણનારી,
ધન્ય ભાગ્ય માનું હું મારૂ, પ્રશંશા શુ કરૂં તારી—સી૦
દાસી તમારી; અનુસરનારી, એમાં શું કરયું ભારી,
વ્હાલા આવો, મન હરખાવો, લાગી તમથી તાળી—સી૦

(૩૦૨)—રમા રણજીત—

ઉત્તમ જનમાં ઝેર પડાવે, જર જમીન જોરૂ,
સંપીલા વસતા જોયા જયાં, છે કોરૂ મોરૂ—ઉત્તમ
સહોદર એ વિર, પૈસા સોહે શીર
ભાઇ ભાઇમાં એક બિજા પણ, કરે કાળું ધોળું-ઉત્તમ
સ્વારથની બાજી, પઇસામાં પતરાજી,
મસ્ત બનાવે માયા જગમાં લડે પિતા છોરૂ—ઉતમ
ધનવાનોને ઘેર, રહે સર્વમાં વેર,
રંક બિચારા હળા મળીને રહે કુટુંબ, ભોળું.
પરને કરી ફકીર, પોતે બને અમીર.
દુરજન મનમા જાણે નહી જે, મોત ઉભું ઓરૂ—ઉતમ.

(૩૦૩)—બુધદેવ— ગઝલ.

પડતી હવે મુજને ખબર, તુમાં, જણાયે હર્ષ નહિ,
આ જગતની જંજાળની, ચતુરાઇ તે દીઠી નહિ.
જ્યાં પ્રેમ મારો ઝળહળે, ત્યાં તેં દીધો બદલો ખરો.
ઘરબાર ને છોડયા વિના, યુક્તિ કશી સુજી નહિ.
હવે તો જો જરા જાગી (૨)

ચોળી વિભૂતિ અંગ, બન્યો શું યોગી (૨)
સમાધિ જૂઠી દે ત્યાગી (૨)—હવે
વિલાસી મહેલના વાસી, તને આ શી લગન લાગી (૨)
મધુરાં પુષ્પને ત્યાગી, ગ્રહ્યા કાંટા શું હીન ભાગી (૨) હવે.
ઉંડી આશ ધારીને, મે તારો સંગ કીધો' તો, (૨)
ભરુંસો દઇ ભૂલાવી ઓ! વિરાગી શું ગયો ત્યાગી (૨) હવે તો.

(૩૦૪) લક્ષ્મી વિજય—

પડે મોહિ જન માયા કાચપર, ધર્મ મણી વણસાવે,
મરે જોઇ તન તાપ દીપકપર, નરપતંગ ઝંપલાવે
પી ઝેર જીવ્યાની આશા કરે, કોઇ કાળ કહો તે શું...? ઉગરે,
પાતક પારાનુ પાન કરે જન, મુરખ તે વિણુ મોતે મરે
ભવ વ્યર્થ કરે... ... ...પડે મોહિ.
જયસ્ત્ય તણી દશ દિશ મહિં, સૌ શાસ્ત્ર રહ્યાં સિદ્ધાંત કરી.
કરણી સરખું ફળ દેઈ રહી, આ લોક અને પરલોક મહિં,
સમજાય નહિ... ... ...પડે મોહિ

(૩૦૫)—લક્ષ્મી વિજય—

ધિરી ધિરી એની અલબેલી, મનમોહન આવે, ઓ આવે, પ્રેમઘેલી,
રહો છાની શરમાવો શું સાહેલી (૨) તારા તનમાં લાગી છે તાલાવેલી ધી.
સખિ જો પેલી કોકીલ રહી, કરતી ટહુકાર અધિર થઇ,
(કોયલડી અધીરી...એવી તું એ છે સખીરી વાહ) (શરમાવો શીદ)ધી.

(૩૦૬)—ભિષ્મ પિતામહ—

ગૃહસ્થાશ્રમની શોભા સઘળી નારીથી સચવાય
તે નારીને કહો નઠારી એ કેવો અન્યાય (૩) .ગૃ
અવનિમા ઉપન્યા બે સાથે, પુરૂષ પ્રકૃતિ રહ્યા સંગાથે
વંશ વૃદ્ધી જેના થકી થાય (૨) એથી ઉત્તમ કહ્યું કહેવાય તે.

(૩૦૭)—ભીષ્મપિતામહ—

જગમાં મેં જોયુ દુષ્કરમા દુષ્કર નારી વશ કરવીરે.
લાખ ટકાનાં લાડ લડાવો આપો ધનની કુચી.
ફુલ સૈયામાં ગખો તોપણ કહેશે મુજને ખુચીરે—જગમાં
સુવર્ણ કયારે કસ્તુરીનુ ખાતર દઇ પોષાય
અમૃત પાશો તોય લશણુની ગંધ કદી નહિ જાયરે—જગત
હાથીપર અંકુશ કર્યો કરી ઘોડા કાજ લગામ.
સ્ત્રી અંકુશ કરવા ટાણે શુ! હરી ગયો તો ગામ—જગત

(૩૦૮)—કુસમાચતિ—

જખમના દરદો જખમી જાણેરે વિણુ જખમી શું જાણે
મરદના ઘા તો મરદ વખાણે કાયર શું જાણે.

=। બાઇજી... ... ...કાયર શું જાણે.
આજૂત સ્વાદમાં કોકીલ માણે મેના દાડમ દાણે.
હરખી હરખી હંશ કમળનાં કોમળ તંતુ તાણેરે
બગલા શું જાણે.........એ બાઇજી.........જ.
પતિ પત્ની માણે રતિ રથમાં કામદેવને બાણે.
શું સમજે તે જોગી જન્મનાં જે જગ મીથ્યા જાણેરે
જાણે તે જાણે ... ... એ બાઇજી......જ.

(૩૦૯)—કૃષ્ણ સુદામા—કવ્વાલી ગજલ.
મુંઝાવી કર્યા મને મારે, જવા દે કૃષ્ણને દ્વારે;
ખલકનાં ખેલ છે ખોટાં, જેવા પાણીનાં પરપોટાં
માથે ભય મોતનો ધારે, જવા દે કૃષ્ણને દ્વારે,
શિખામણ માની લે શ્યાણા મેળવને ભક્તિના નાંણા.
ત્રીકમ વીણ કો નહિં તારે, જવા દે કૃષ્ણને દ્વારે

(૩૧૦)—સરસ્વતિચન્દ્ર—
પ્રિતી કરીશું, તરછોડી પરદેશી...હાં છોડી પરદેશી, (૨)...પ્રિતી.
કશ દઇ અહો ભ્રમર કુમુદને, હો છોડી પરદેશી હાં છોડી (૨)...પ્રિતી.
પુરી પંખીણી, પ્રેમ પીંજરમા, આખર પાખ મરોડા પરદેશી,
હાં મરોડી પરદેશી......મરોડી પરદેશી... ..પ્રિતી
ત્યાગી કુમદ વન, ભટકી એ ભમરા, આવ્યો અહિ શુ ફરી દોડી.
હા દોડી .....પરદેશી......હા......દોડી......પરદેશી......પ્રિતી.
ઉડીજા ઉડજા પંખી મુશાફર રેન રહિ છે, હવે થોડી, પરદેશી
હા થોડી પરદેશી ....હા થોડી પરદેશી.........પ્રિતી.

(૩૧૧)—સરસ્વતીચન્દ્ર—
હું પરણું કદી નહિ પીડા ધરું નહિં શીરે કદાપી સંસારની,
રહુ બાળ કુમારી, સદા બ્રહ્મચારી ભકિત કરૂં વિશ્વાધારની.
પ્રિતી તણા પીજર વિષે પરવશ થઇ પડવું નહિ,...
સંબંધીઓના બંધની બેડીથી તન જડવું નહિ......
આ નાટકો સંસારની, ડુબ્યા મહિં મરવું નહિ.
અમૃત ગણીને વિષય વિષ પીવાનું મન કરવું નહિ.
જુઠી માયાના અધારામાં હુ પડું નહિ, રહી વાત હૃદય વિચારની

(૩૧૨) સરસ્વતીચંન્દ્ર.
પરણીને પરવશ થઇ રહેવું પિંજરમાં પુરાવું. સુખમાં ફરતાં સ્વતંત્ર
જીવને બંધનમાંહિ બધાવુ—પરણીને પસ્તાવુ વળી પાછું રંડાવું.
રશભીના રંગ રશીયા સાથે, રસમાં રસબસ થાવું.
અધર સુધારશ પ્રિતી અમૃત પીવુંને વળી પાવું

પરણી લહાણુ કમાવું સુખી સંસારે થાવું
ભોગ તેટલા રોગ સમજવા વિષય વીષ ન ખાવું,
ઝેર હળાહળ અમૃત માની, નવ પિવું નવ પાવું...પરણીને પસ્તાવું.
અગર અગરજા કેસર ચંદન પુષ્પ સુગંધી પલંગે,
અનંગ સરીખા પ્રગટદેવની કરી આરતિ ઉમંગે...પરણી લ્હાણુ.
પતિ દેવ પરમેશ્વર પોતે સદાશિવ શંકર છે,
પતિ વીના પ્રેમદા, શું કરશે અન્યદેવ કંકરને...પરણી લ્હાણુ.
પતિ દેવથી પરણી આખર પાપ કર્મ આચરવા,
શુધા જીવના મલીન વાશથી, મલીન અંગો કરવા...પરણીને પસ્તાવું.
રચી ઇશ્વરે સૃષ્ટિ એવી, પાપ ગણે તુ શાની,
શિવ સાધુ યોગેશ્વર તોયે, રાખે સંગ ભવાની...પરણી લ્હાણુ.
રહિ ગાર્ગી બાળ કુંવારી સરસ્વતી પણ સાથે,
પ્રવિણે પણ પતીને પરણ્યાની, પીડા નવ લીધી માથે...પરણીને પસ્તાવું.
સગા સહોદર વરતી વાડી, એ સંસારના લ્હાવા,
સ્નેહિ સંબંધિ છૈયાં છોરૂ, લક્ષ્મી લાભ કમાવા ..પરણી લ્હાણુ.
નહિ લ્હાવા એ લ્હાળા સમજુ, સખી સ્નેહ નહિ સંતાપો,
રહું એકલી જોગી જેવી, જપું અંજપા જાપો ..પરણીને પસ્તાવું.
દૃઢયોગી પણ ભોગી બનીયા માયામાં લપટાયા,
ચંચળ મનનાં ચગડોળી ચઢી, ભલ ભલા ભરમાયા...પરણી લ્હાણુ.
સુંદર વનની કુસુમ કળી તુ, બની હાર હૈયાનો,
રસીકતણે રદયે વળગી કર સફળ હેતુ જીવ્યાનો...પરણી લ્હાણુ.

(૩૧૩)—બુદ્ધદેવ—

ફુલની પાખડી લ્યો પ્રાણુ—ફુલની.
ગણી અંતરની ઓળખાણુ—ફુલની.
શ્યામ સલુણા, અમ ઘર આવ્યા, શા કરીએ સન્માન;
નાથ નગિના પરિમલ ભીના, મન માન્યા મેહમાન—ફુલની
ઝાઝું શું કહીએ સમજુને, સખી નયનના બાણુ;
વિમળ કમળ આ સરોવર જળનું, ભોગી ભ્રમર સુજાણુ—ફુલની.

(૩૧૪)—બુદ્ધદેવ—

વિષથી ભરેલા જગમાં, અમૃત બતાવો સાચુ
જ્ઞાની પંડિત સહુને, વિનવીને યાચું—વિષથી
કોઇ કહે ચન્દ્ર પાસે, કોઇ કહે સ્વર્ગમાં છે,
દેવો મથે દરિયા વાંસે, પાણી જોઇ પાછા નાસે,
ભરુંસે ભૂલ્યા છે સઘળા, મને પણ એ લાગે કાચું—જ્ઞાની
અમીનો ઉછળતો સાગર, સુધાભર્યો રસ રત્નાકર
અનુપમ સ્વર્ગીય સાકર, મળે પ્રભુપદ રજ પાસે.
પરીક્ષાને જો ઇચ્છો તો, પ્રેમી થઇ તપાગો પાચું જ્ઞાની

(૩૧૫)—બુદ્ધદેવ—
પિયુ પિયુ પોકારતીરે, પપૈયા-વધુ ઝુરે વનમાં,
વિરહ અંગાર ઉઠે તનમાં, અતિશય બળી રહી મનમાં-પિયુ
ખીલતી આ કળી કુસુમની, ભોગી વિના કરમાય
ઝુલતી આ લલિત પાંખડી, ભોગી મધુકર ન્હાય-પિયુ.
બાળા રસાળી અંતરે આકુળ વ્યાકુળ થાય;
નમ્ર નવોઢા નૌત્તમ રમણી, રસિક નરવર ન્હાય.
હંસણી દુખી થતીરે, કોમળ માનસ ઉપવનમાં-પિયુ.

(૩૧૬)—બુદ્ધદેવ—
તું છાની છાની નયન તલસાવે સખી શાને
તું ધીમી ધીમી પ્રિયતમ પાસે અલી જાને;
તુ ધીમી, ધીમી (૨)—તુ છાની
રસકુંજની વિહારી, તું છે શાણી સુકુમારી,
વહેલી અધરસુધા જઇ પાને, તુ વહેલી, વહેલી (૨)—તુ છાની
હા, હાં, મીઠી દષ્ટિ મીલાવી, હાવભાવથી રીઝાવી,
સ્નેહ રસમાં ભીંજાવી સુખી થાને,
રસિકડી તું રસમાં (૨)—તુ છાની.

(૩૧૭)—માલતિ માધવ—
ચાલ...ચાલ...ઓ...અલબેલી, વળી વળી પાછું જુવે શું પ્રેમઘેલી,
તારા ઉરમા આનંદની હેલી, સાહેલી, તારા ઉરમા આનંદની હેલી.
મળ્યા હવે ભેગા, ચંપો ને ચંપેલી............... ..ચાલ ચાલ.
મારા પગના ઝાઝરની ખીલી, વારે વારે પડતી ઢીલી,
(ખિલી જેવી ઢીલી, એવી તું એ છે હઠીલી, હવે ચાલ?)
(આ આવિયે છીયે) .... .ચાલ.

(૩૧૮)—માલતિ માધવ—
લ્યો સુંદરી સુમનની માળા, જઇ કહેજો પ્રણામ અમારા,
માળા નહિ પણ વરમાળા, સુંદીર વર ઓ...શરમાળા
મુખ દર્શનથી મન ચોરી (૨) ચિત્ત હરી ગઇ બાળ ચકોરી,
—તમે કિશોર એ નવલ કીશોરી, મટકે મોઢાં મટકાળા....લ્યો.

(૩૧૯)—માલતિ માધવ—
નાનકડી નાજુક નાર, હુ-બહુ નાનકડી-બહુ-નાનકડી. (૨)
મારા, વ્હાલાની છુ લાડકડી (૨) બહુ લાડકડી (૩)
આંખ તણે પલકારે પટકું છું લાલને-
નાની શું સમજે વ્હાલાના વ્હાલને,
હું તો બધુંએ સમજું છું, જાણી ભોળો ભરથાર તું બહુ માથે ચડે (૩)
......નાનકડી.

(૩૨૦)—માલતિ માધવ—
હાંરે, ખિલી ખીલી, ફુલવાડી–ફુલે ભરપુર છે (૩)
મન મારૂં મોહનને મળવા આતુર છે.
કુમારી તારૂં કેવું અજબ પ્રેમનુર છે......ખિલી.
ચીત્ત હરનારી ચતુરા ચતુર છે
મધુરીની વાણી અહો ! કેવી મધુર છે......ખિલી.

(૩૨૧)—માલતિ માધવ—
ભાભી મારાં ડાહ્યા ડમરાં, શા માટે શરમાવો, તમે શા માટે રીસાવો,
ઓ નાની નણદલ આવો......આ કોણ !......તારો પ્રાણ !
હવે શા માટે શરમાવો (૨)......ઓ......

(૩૨૨)—માલતિ માધવ—
હાં હાંરે, મને ઠગી, ઠગી, મને ઠગી, ઠગારે મને ઠગી, જાણીને ભોળી નાર
ખોટા બોલી શાને ખુવે છે ભાર,–આ છે ખોટો કરાર (૨)
ખોટો ખોટો ! હા ખોટો......ઠગી......
સાખી { " અંતર પ્રેમ વિના બધા નિષ્ફળ કોલ કરાર,
" એ વિણુ કો દંપાત તણો' નવ સુધરે સંસાર.
આ છે ખોટો કરાર... ... ...ઠગી.

(૩૨૩)—કુસમાવતિ—
ભલે જન કોટી યત્નો કરે, નસિબના લખ્યા લેખ ન ટળે,
પાપીયા પાપે પેટજ ભરે, અંતમાં માથું પટકી મરે.
હરીશ્ચન્દ્ર મહારાજા જુવો, નિચ ધર સેવા કરે.
થઈ સેવકી કર્મ લેખથી, ગુમાન શાને કરે......નસિબ૦
પાંન્ડવ સરીખા ધર્મધારી પણ, વન વન રખડી મરે,
ચીર હરણ જો થયાં સતીનાં, પ્રભુ કૃપા ત્યા કરે...નસિબ૦
સતીયા સુરજન ભલે કુજનથી, કદી પીડાતા ફરે,
સત્યમેવ જયતેજ, સમજજો, ન્યાય નિયંતા કરે...નસિબ૦

(૩૨૪)—કુસમાવતિ—
તમે રસીયા બોલે પળજો રાજ, વ્હેલા વ્હેલા વળજો,
દાસી ઉર અરજી ધરજો રાજ, વ્હેલા વ્હેલા વળજો;
સ્વામીનાથ છો પ્રાણ અમારા, અમૃત આનંદ ભરજો રાજ ...વ્હેલા
નાર નવેલી તમ વિણ સ્વામી, કરમાશે મન ધરજો રાજ...વ્હેલા

(૩૨૫)—નિલમ માણેક—
ઉપકાર અનુપમ થયો સુન્દરી, દે...બદલો કીરતાર
સત્કાર–વિસરીએ–કેમ અતિથીનો, જે છે આધાર
વસ્તુ કરતા વ્હાલ કીમતી છે (કાડા તે શું કીમતી રતી છે.)
કાડીના બળપર સ્ત્રીનો, છે સઘળો આધાર...ઉપકાર

(કાંડી શું દીવાદાંડી છે.) ગૃહજીવનની સુખ હાંડી છે
થેંકસ, યુ વેરી મચ-ગુડ બાય......ઉપકાર

(૩૨૬)—નિલમ માણેક—

ગુણીજન વાવે છે ગુલાબ, નહિં કાંટાં તો લેવાને
સુગંધ મનહરણી મેળવતાં, મન, સુખ લેવાને......ગુણી.
કોઇ મુરખ બાવળ વાવે, કાંટા લઇ પરદા ચાવે.
સંતજનો સત્ત ગુલાબ વાવે, સુગંધ ભરવાને
આ કર્મ તણા કંટક ત્યાગે, ભવસાગર તરવાને......ગુણી

(૩૨૭)—બોલતો કાગળ—

રંગી, આ દુનિયાના રંગીએ, રંગી, તે રંગી બેરંગી, દુન્યા દોરંગી...રંગી
સાગર પાણી શીતળમાં, વડવાનળ તેનાં તળમાં, આગને પાણી બન્યા સંગી
સંગી, સંગી, સંગી.
આ આજે અંગી મનાતાં કાલે ભુજંગી થાતાં
કોણ ભુજંગી...કોણ અંગી...રંગી...
વાયુ જે દીપક ઠારે, આગને તેજ વધારે
પ્રભુની પ્રભુતા દોરંગી.........રંગી ..આ દુનિયા ..

(૩૨૮)—બોલતો કાગળ.

શરમ, શરમ, શરમ, શરમ, બોળવા બેઠો નામ.
કરે છે ગુલામ, ઇજ્જત લીલામ, ખાનદાનનું નવ જરા ભાન
થાય, આજ થાય છે, બુઢ્ઢાની આબરૂ લિલામ
જાય, આજ જાય છે, સસ્તામાં ખાનદાન માન
છે ખરીદનારનો ચઢાવો ને ફુટી બદામ
એક-બે-ત્રણવાર-સોદો તમામ વન-ટુ-થ્રી-ટેમ-સોદો તમામ
કયાં ધનવાન તણું ખાનદાન, કયાં એ ગરીબ નોકર ગુલામ
નાક કપાયું સહુ ઓળખીતામાં, થુથુ, કહી સહુ, થુકસે ગામ.

(૩૨૯)—બોલતો કાગળ—

માલી, વિનાની ખાલી, જોબન તણી ફુલવાડી,
હાયે, સુકાઈ ચાલી, પણ નાવે જીવન માલી.
ગાલ ગુલાબ તણી ગઇ લાલી, નરગીશ આંખ નમી મદવાલી,
લ્યો સંભાળી, જીવન માલી, પાણી વીનાની ડાલી.
તાપે...તપે હરીયાલી........માલી........

(૩૩૦)—બોલતો કાગળ—

સુખ હોય જો નારને નાથ તણું, ગણે સ્વર્ગીય સુખ સહુ તરણું,
સતિને નહિ માન તણું, સમણું, ધીક તે અધમી ધરે જે રૂષણું.

પતિ પ્રેમ પિયુસ પાને ઠરે, નિત્ય સ્નેહ સરિતામાં સ્નાન કરે,
બની દાશી વિલાશી ઉદાશી હરે, મન વાણી કર્મે, પતિ સહ વીચરે.
પતિ સેવી સંસાર સમુદ્ર તરે......

(૩૩૧)—જાળંધર સતી વૃંદા—

જા. જા' અલી. શરમાવે, શાને ઠાલી, સતાવે રીબાવે શું આમ
પીયુ પંખી વિણુ યૌવન ઉપવન સુનું,
રસના ભોગી વિણુ, સરવે સુનું...સુનું.
મદ ઘેલી અહીંથી જા જા, રસવેલી અહીંથી જા જા.
લટકાળી, ચટકાળી, મટકાળી, મતવાળી.... ....જા. જા.
બિચારી પ્રેમઝરો કર્યા ઉભરાવે, નાવલિયા સંગ બાલા ઝરણું ઝરાવે,
મને શાને સતાવો (૨) મન મુઝાય, અકળાય, તરસાય દુ:ખી થાય જા જા.

(૩૩૨)—પરશુરામ—

અરે, હાં હાં, જરા ધીરે, ખેંચો ભ્રકુટી કમાન,
અરે, જાઓ કરો શાને, ઘેલી અડપલાં આમ.
ધરી ભ્રકુટી કમાને, ઝેરીલા નયન બાણે સાંધો સામે સ્નેહી
ને સધાન.........અરે.
જાણું શું હું બાળા ભોળી, કરો શાને આ ઠઠોલી,
જાણુ શુ હુ તીર શું કમાન........ ....અરે.
થઈ ભોળી ને અજાણી ભ્રકુટી કમાન તાણી,
મોહિની મારે શા મોહ બાણુ...............અરે.

(૩૩૩)—પરશુરામ—

જાઓ, ઠગારા, કામણુગારા, રશભિના રસરાજ.
ના કરો ઠાલા, ચાતુર ચાળા, થઇને કાલા, મદઘેલા, માહરાજ.
મનભાવે શુ મોઢુ હલાવો, જુવતી પર શું જોર જણાવો,
હવે માનો, અરે નહિ નહિ, શાણી શું શરમાય—ના...જાઓ (૨)
ટુટે પ્રિતી દોર તાણો કરી જોર, આવો, ચિત્તચોર, ગાંઠુ પ્રીતી દોરે—જાએ.

(૩૩૪)—પરશુરામ—

નાથ નામ લાખ કોટીથી એ અધીક છે, કહી ના શકાય તો એ એક તે...નાથ
સુર્ય ચન્દ્ર અમૃત કહું તોએ ઓછુ છે, અષ્ટસિદ્ધિ નવેનિદ્ધી કહેતા એ
તુન્ય છે.
અજબ એ પ્રિતમ છે. એક તેજ એક તેજ છે.
રૂપમાં ગુણુમાં કોઇના સમાન ના સમાન......નાથ
આડું બોલી શાણી શાની ઉડાવે કાળજડે કહેતાં કાંઈ કાંઈ થાયે
વહુજી શું ! વરના નામે શરમાયે.
ના, ના, નહિ કહેવાય, શીં. ઓ શીયાળ છે.....નાથ.

(ત્યારે હું જાણું છું ?) નાના હું કહુ છું ? (ચાલો ઝટ બોલો,
સ......સૌ......ર..... ભ...હે......બસ......નાથ

(૩૩૫)—સાગર સરીતા—

અબળાના બેલી, વ્હાલા, મારા સુંદર સ્યામળા.
બહુ નામી જગજનના સ્વામી, લજ્જા રાખજો શ્રી ઘનસ્યામ,
નટવર નાગર દીનબંધુ, કેશવ કરૂણાના સિંધુ.
પ્રેમથી પ્રભુજી લ્યો ઉગારી, સુંદર સ્યામળા બહુ નામી
વ્હાલા ગોવરધનધારી, વિનતી લેજો સ્વીકારી
ભવભય હારી, લ્યો ઉગારી, સુદર સ્યામળા બહુ નામી.

(૩૩૬)—સાગર સરીતા—

મૉઇ ડૉલી ..જીગર દે ખોલી, ઓ, લવલી જોલી
બોલો મધુર કંઇ બોલી...મૉઈ ડૉલી (૪)
કમ ડીયર... આશકપર પ્યાર કર...નાહ મળશે કો આવો જબરનર
કમ ડીયર......તુ દીલહર શરમા ન ઘુંઘટપટ દુર કર
જાઓ જાઓ આ શો ઢોગ-કમ એલોંગ-સીગસોંગ, લીવલૉગ માઇ ડોલી

(૩૩૭)—સાગર સરીતા—

કુમારૂ રહેવુ ઘણુંજ સારૂ બળ્યુ પરણવાનું કાકાજી બળ્યુ પરણવાનું,
સારો ધણી જો નહિ મળે તો જુગજુગ રડવાનું-કાકાજી જુગજુગ રડવાનું
પ્રેમથી રમાડુ તને વ્હાલી, હમેશા ખાલી તું શીદ અકળાય
ઓ વ્હાલી......ખાલી......તું......શીદ......અકળાય
ભાણીયા દીકરા મુગો મરો રહે, નહી તો ફજેતો થાય
ઓ...... કાકા તમારૂ નખ્ખોદ જાય.
મેના તુ કયારે હવે, મરી જાય...... ....કુમારૂં રહેવું.

(૩૩૮)—માયા મોહિની. ગઝલ.

વખત બદલાય છે જ્યારે, બધું પલટાઇ જાયે છે.
બને છે દાસ ભુપતિને, નૃપાલો દાસ થાય છે;
હતો ખોખાર અશ્વોનો, ખરો ત્યાં ભૂકતા જોયા,
હતાં જ્યા દાન કરનારા, લૂંટારા ત્યા જણાયે છે......વખત.
નથી એ દોષ કોઇનો, ખરેખર ખુબિ કીસ્મતની,
હતો જે ભક્ષ સિહોનો, શૃગાલો આજે ખાયે છે;
બધી જાહોજલાલી આ, દીવસ બેચારની ગાફીલ,
બની મગરૂર માણુસ તું, વૃથા શાને ફુલાયે છે......વખત.

(૩૩૯)—માયા મોહિની—

ચાહે આ દાસી નાથ ચરણુ નાથ પુંજા, છો મારા ઇશ્વર તમે
ન ઇશ્વર દુજા...ચાહો.
અમે તજી હવેલી વનમાં, વાસ કરીશું, ખાઈવનફળ તેથી સંતોષ ધરીશું?

પતિ ચરણામૃત તે છે, અમૃત કુંજા..................ચાહે.
પતિની છાયા તે સાચા ચીર હમારા, પતીની માયા તે આભુષણ બહુ પ્યારાં.
છે રક્ષક અતિ બળવાન પતિનિ પુજા..................ચાહે.

(૩૪૦)—પિતુભકત પ્રભાકર—

સમજે ન પ્રથમ જન કાચી, પસ્તાય પછી દુઃખ પામી,
નિજ અબળા પર ઇતરાજી, પરનારથી રમતા પાજી.
એ અધમો પર કહું માજી, નથી રામ જરા પણ રાજી...સમજે.
હાથે બગાડે બાજી, શાસ્ત્રો શકતા ના રાજી,
પાકે ના છેવટ ભાજી....................(૨)... . ...
સુંદર વર...ભયહર...સુખકર...હરશે ખામી.. ...સમજે ન......

(૩૪૧)—પિતુભકત પુંડલીક— (ગઝલ)

જગતના જાણુ ભેદુઓ...દલીલો સત્ય દર્શાવો,
મને ના ગમ પડે કાંઇ...કહો કાંઈ ભેદના ભાવો
તિમેરે છાય ધુતિની, શશી ના ધારે શિતળતા, અધુરા, મધુરા, ઉરના ઉભરા
લઘુતામાં પ્રભુતાની, થતી ઝાંખી તે બતલાવો......જગતના.
પતિના ચર્ણે પત્નિની, વશી જો મુક્તિ શક્તિતા તો,
પતિને બોધવા પત્નિ કરે ના વ્યાજબી દાવો ....જગતના.
પ્રીતી પરનારીના સંગે અચળ બધાય જો પતિની.
સતિની...પછીથી ગતીસી...બનતિ.
તુટયું જો આભ તો ટેકા, તણો આધાર બતલાવો......જગતના.

(૩૪૨)—પિતુભક્ત પુંડલીક—

મને તું માફ કર શાણી, વચનપર ફેરવ્યું પાણી,
ખરે હું ક્રુર છુ પ્રાણી, ગુન્હેગારી અમારી છે.
લફંગા છો ધુતારા છો, ઠગારા આપ છો પુરા,
અધુરા લે શના ભાશો, હૃદય માહિ કટારી છે.
લફ ગો છું ધુતારો છું, પરતુ દાસ તારો છું,
જગતના પાપની ઉપર, અખત્યારી હમારી છે.
જણ્યા રાંડે રતન જેવાં, ખરેખર બાપને બેટા.
લડે છે શીગલા ઘેટા, ભયંકરતા થનારી છે.
અમે મસ્તાન પંખીડા, અમે મ્હોબત તણા કીડા,
વડીલો પણ હતાં એવાં, કબુલાત એ અમારી છે.
રૂપાળી જોડ છે ઝામી, ટળી બાપા થયા સ્વામી,
રહી ના લેશ પણ ખામી, કહો, (આ) છેડ સારી છે.
ઈજારો તો નથી લીધો, રશીલી આજ નખરાનો,
હવે ના તલસાવ, ના પ્યારી, વિરહની આ બિમારી છે.

(૩૪૩)—સન્યાશી—

સહુ સાહેબો પધારો...મારી શોભાને વધારે...વરઘોડો, છે, મારો, આજે
ગાડી ઘોડાઓ જોડાવું-બેંડ વાજા વગડાવું. મોટી મોટારો મંગાવું.
ચાગે પં-પં-પં-મોટો મંડપ રચાવું-લાઇટ કીટશન લગાવું.
રૂડા ગીતો ગવડાવું.........વરઘોડો.
જરીનો જામો પહેરીશ હું. છબીલો ઘોડે ચડીશ હું,
નાણા નાંખી દઇને તુ-ઘોળામાં ધુળ ઘાલે શુ.
છેડો બાંધીને ચડું છબીલાની સાથે....... વરઘોડો.

(૩૪૪)—સન્યાશી—

હેરી આઇએ ગુન ગાઇએ રાધાવરકો, જઇએ જીવનપર વારી પ્રીય પ્યારી,
કુંવર કનૈયા બશી બજૈયા ઘેનુ ચરૈયાં, લેવુ બલૈયાં......હેરી
લટક લટક આવન લાલ સોહાવે સગ ગ્વાલ
રાધાકો પ્રાન પ્યારો નટવર શ્રીનદદુલારો.
હસત હસત મોરો મન હરલીનો લાલ બાલપે વારી ...હેરી

(૩૪૫)—સત્યનારાયણ—

દીલ મારૂં લઇ શીદ ચાલ્યા સલુણા.
મને હઠીલી જવાદે...ઉંહું-મુકીદે અરે ના. ના. ના
ઘેલી કરી તમે ગુણીયલજી મારા,
ખોટુ વદે શું રહેવા દે, ઉહું મુકીદે, અરે ના ના. ના ...દીલ
આશી રૂપાળી લટક, મટક, લઇ લીયો આ લ્હાવ,
આહા ? ઉભીરે, અટક, અટક, ભાવ બહુના ખાવ
પત્થરે, રત્ન, ન પટક, ન પટક કેવો રૂડો શીરપાવ
પ્રીત ન પ્રીતી ધટક ધટક દીલ દઇ બશ જાવ
તનનીતું ને મનનીતું ને ધનનનીતુ છે માલિક જાણુ......દીલ

(૩૪૬)—સત્યનારાયણ—

તારણ, મારણ, અધમોદ્ધારણ કરજગ કારણુ કાંઇ દયા તું ...
પાલન હાર સઉનો દાતા.. ....તારણ
નિર્દોષી દોષીત ઠર્યાં ચડયું અણધાર્યું આળ
હરજી. અરજી, સુણીને છોડવજે જંજાળ............તારણ

(૩૪૭)—સત્ય નારાયણ—

કહું આપવિતી, કર્મ કથા, દુ:ખીયારી કાળજડુ નાંખતી સહારી...કહું
આ નગર સાધુ શેઠની બહુ લાડકી દીકરી હતી...
ખાતાં બગાસુ દાસીઓ, કંઈ લાખ એહાજર થતી...કહું
મોતી હીરા પ્હેરી ચરણ, ધરણી પરે ના રાખતી.
તે આજ ટુકડા કાજ તમ ધર આવિ છે, ભીખ માગતી...કહું
પતિને પિતાજી લેઇને, વ્હાણે વિદેસે સંચર્યાં.
ચોરાઇ ગઇ લક્ષ્મી અને, આગે રખડતાં છે કર્યા...કહું

ચઢતી અને પડતી પ્રભુ, ચિરકાળ કોની નવ રાખશે
ભીખારી પળમાં ભુપ થઇ ભુપ થઇ ભીખ માંગશે...કહું

(૩૪૮)—નૌતમચંન્દ્ર—

સંસાર ઉનાળે શિતમ વિશામા શ્યામા.
સૌ તાપ પ્રજાળે, શાન્તિ દવમાં, વામા...સંસાર
જોડ વિનાં જન ખોડજ ભાખે, પુષ્પ સુગંધી પ્રભુ પાસે રાખે.
કોણ સરોવરમાં જળ નાખે, સ્વાદ મુકે કોણ આંબા સાખે...
ભણુકારા ભૂલી ભેવ ઉધામા ધામા.
લાવી મુકયો છે શાર, ધરમાંહિ રામા રામા સંસાર

(૩૪૯)—માયા મોહિની—

રહ્યો વર્ષોના વર્ષો મવાલી, લાવું બૈરી બશ રૂપાળી,
હોય વિધવા કે ભરથાર વાળી, આવી વાઢા મેણું નાખે ટાળી.
શેઠ ? છે આ જમાનો મવાલી, કોઇ આવી જશે ઝાડુ વાળી,
હોય આ આબરૂથી આરપાર ખાલી, હોય વિધવા પણ બે બચ્ચાવાળી.
નહિં નહિ—બૈરી લાવીશ, બચ્ચા વગરની... ..(હાખ ...છી...)
કેવી ઓચીતી છીકતુ, હાખછી...હાખછી હાખછી...હાખછી.
રાડ નકટી કરૂ નાક વાઢી વાત વિઘ્નોની આ કેવી કાઢી,
તારી સુરત બનાવુ હું કાળી, બૈરી આપી જશે હાથ તાળી. રહ્યો.

(૩૫૦)—વસુંધરા ઉર્ફે બેધારી તલવાર—

મૃગલોચની (૨) મદેભરી છલકાતી, મૃગલોચની...મદે......
મુખે મૃદુ મૃદુ હસી મલકાતી, પળે પળે પીયુના પ્રેમે ભિંજાતી(૨) રે મદે.
ઘડી નવ યૌવન નિહાળે, ઘડી શરમાઇ વસ્ત્ર સમારે,
સખી જો એની ત્રાંસી, આખ મિચાંતી (૨) રે......મદે.

(૩૫૧)—વસુંધરા ઉર્ફે બેધારી તલવાર—

ચાલ હવે ચાલ વ્હેલી વ્હેલી, લળી લળી, લ્હેકે શું? જોતી વળી ઘેલી,
તારા તનમાં લાગી છે તાલાવેલી, સાહેલી, તારા તનમા લાગી છે તાલાવેલી.
રહી જાણે સૌને સુગધી મળેલી...................લળી. લળી.
અરરર......પગમાં કાટો વાગ્યો, ભુંડી કોઇ આવી......બાંધો પાટો.
જુઠી .. કયાં વાગ્યો છે કાંટો, આમાં બાંધવો કયાં પાટો,
(હવે ચાલ ધુતારી ચાલ......)ચાલીયે છીયે......ચાલ હવે......

(૩૫૨)—વસુંધરા ઉર્ફે બેધારી તલવાર

હું,રશવેલી મદઘેલી નારી તરશી, પ્યારની(૨)નારી તરશી પ્યારની(૨)...હું.
હું યુવતી કામણગારી, નરનયન બાણુથી મારી, રમું રંગે
રશની રેલી......નારી...હું.

કોઇ લાલ લહેરી જો આવે, રતિ સુધા સરસ પિવડાવે તે તરૂવરને હું વેલી.
નારી......તરશી પ્યારની......હું......

(૩૫૩)—પીતુભક્ત પ્રભાકર–(ગંગા યુમના અને સરસ્વતી સંવાદ)

ગુણુની ખાણુ મને ગણુ. ગંગા. કષ્ટ અધમના કાપું,
મુજમાં ન્હાતા મનુષ્યને હું, મોક્ષ નિરંતર આપું.
મહિમા મારો એવો, સાખ પુરે છે...દેવો...
યુમના મારૂં નામ અરે હું, યમની બીતી ટાળું,
મારૂં પાન કરે જે તેના, પાપ તમામ પ્રજાળું.
હરનારી છું હાની . વાત...એ છે ..ના છાની,
સરસ્વતી હું સુદર મારૂં જળ કિલમીશ હરનારૂ,
કરે સ્નાન શ્રધ્ધાથી તેનું સદા કરૂ હુ સારૂં.
કરૂણા મારી પામી..... ...દાસ ખોય છે ખામી,
મુજને તારો પાપ નીવારો......આવે દુ:ખનો આરો,
કરૂં સ્નાન ને પાન હમેશાં દઢ વિશ્વાસ તમારો
સુખમા દેજો સ્થાપી......માતા છું. .પૂરો...પાપી.

(૩૫૪)—પુંડલીક—

અધિક સુખ, આથી બીજુ શુ મનાય, પ્યારી મારી બુલબુલનું
બચ્ચું ગણાય...અધીક
પુરા હશે પુન્ય પરભવે કીધાં, ભાર્યા સુશીલા તો સદ્ભાગ્ય સિધાં.
ઘરવાળીના ગુણુ ગાય, ગામ બધુ ઘરવાળીના ગુણુ ગાય...પ્યારી.
કાગડાની કોટે મોતીની માળા, રૂપાળી રાધાને શ્રીકૃષ્ણુ કાળા
પત્નિથી પતી પુંજાય, મીઠા ભેગાં ખાટાં બોરો ખપી જાય પ્યારી.

(૩૫૫)—ઈન્દ્રાવતિ—

અમો સુધરેલાને તમો ગણો ન કમજોર,
કામ કેવા કરીયે, ભેજા માં રાખી તોર.
લીમીટેડો માંડી...વેપારો વધારતા, યત્રો મંગાવી હુન્નરો ખીલાવતા
જુના ધારા કાઢી નવિનો નીપજાવતા, ઘણુકર્યું બીજું હજુ કરીને
બતાવતા.. ...અમો.

(૩૫૬)—સતિ તોરલ—

ચર્ણે નમે સ્નેહે વિનવે...વળી સતિયોનાં નામે મોટા મુનીયો નમે
શીયળ શૃગારે શાણી, દેહ દીપાવે, પતિ પ્રભુમા જેનુ મનડું રમે...સતિયે
હરીહરને બ્રહ્મા જેનાં પારણીયે ઝુલ્યા, સુણુતા ઉત્તમ ગુણુ–તનના
તાપ સમે...સતિયો.
સાવિત્રી સતીયે, પતિને, યમથી છોડાવ્યો, ચારૂચરિત્ર જોતા જગને
ગમે...સતિયો.

(૩૫૭)—સતી તોરલ—

સતિયોને બ્હેની તનપર સુંદર સજવું ઘરેણું સાચું,
ટેકની ટીલડી કરવી લલાટે લજ્યા કાજળદગ ભરીયે
વિનયની વાળી નાકે રૂપાળી હરી હેત હાર હૈયે ધરીયે...સતિયો.
કુલીનતા કેરી સજવી સજની કોડે કુંચકી નીત રૂડી,
ચળકે કમનીય યુગલકરોમાં દાન તણી શુભ ચુડી...સતિયો.
સાડી શીયળની અંગે ઓપાવે, અળ તો પતિવ્રત કેરો
મર્યાદા ઝાંઝર પગ ઝમકે, ચતુરાઇ ચણીયો ફેરો...સતિયો.

(૩૫૮)—સરોજની—

નખરાળી જોબનવાળી, કોઇ બૂલબૂલને બોલાવો,
મચકાળી મેદીવાળી, આ, બૂલબૂલને, બોલાવો.
કોઇ સલુણા સંગે માણુ મોહનમાળા પહેરી,
મદન જંગનું જોર જણાવું, લાલ કોઇ છે લ્હેરી...આ...ન.
હાવ, ભાવ. રશ ભેદ બતાવું, સમજાવું સૌ વાતો,
ગયો વખત પાછો નહિ આવે, માણવી હોય મઝા તો ..આ...ન.

(૩૫૯)—સતિ તોરલ—

આવો અલબેલાજી અંતરમાં બીરાજી...બળતી ઠારો ..
મારો દોષ કંઈ અવગુણ, નહિ ઉર ધારો, બળતી ઠારો...બળતી
ઠારો......આવો ?
કાં ! તમારો તોર ટુંટયો,ભૂલી માફી આપશો ! ડાહ્યા ડમરા ભૂલી જાશો !
(ના. ના. ના) (નહિ તો જો જો પછી ટટળી પડશે ટેંટણે ટેં !)
(પછુ વાગશે પપડુ પાછળ પે પે પેં) ફરમાવો હુકમ ફરમાન
બેસી જા ! ઉભી ચાલ ઉભી થા બેસી ચાલ ?
ભુલી કે ! થપડ માર અરે વ્હારે તારો પ્યાર......આવો

(૩૬૦)—સરોજની—

છે ધરમતણો હરીબેલી ! ધરમજત જે કરશે તે તરશે...છે.
અંતે સતિયાને જય મળશે, પાપીનો પ્રભુજી ક્ષય કરશે...છે ધરમ.
સાખી { "વિના ધરમ, ધનધામ ધરણી ખર ઉપાડે ભાર;
"ધિક્કાર પામ્યો શ્રેષ્ટ પદવિ સત્ય વિણુ સંસાર }
લખપતી થશે, કોડી ન મળશે, લઇ પાપ પોટલો પરવરશે...છે ધરમ.

(૩૬૧)—સરોજની—

વાલમજી મારી વરણાગી, તારા મુખડાની માયા લાગી,
પ્રેમ તણી ગોળી વાગી, અંતરમાં પીડા જાગી... ..વાલમજી.
ઘાયલ કીધી, છાતી વીધી, રાખું બાધી, સ્નેહ સાધી,
મૂજને કીધો મહાભાગી....... તારા મુખડાની માયા લાગી
રંગે રમશુ, સંઘે જમશું, હરશું ફરશું, હેત જણવશું !
ભવની ભાવઠ ત્હે ભાંગી.....તારા મુખડાની માયા લાગી.

(૩૬૨)—કૌરવ પાંડવ—ભા. (૨) નાન્દિ ધ્રુપદ.
શ્રી સચરાચર વ્યાપી શ્યામ ! ! !
હે, મોરારી, શાંતિધારી, જયકારી, તારૂં નામ...કામ...શ્રી.
સાખી } ધર્મ ધરણ કરૂણા પતિ અશરણ શરણ દયાળ;
જગજીવન જન પ્રાણ છો ગ્વાલલાલ ગોપાળ.
સદગુણ સાગર બહુ સુખદા વદીએ તુજ ચરણ સદા,
છો જગ કરતા, ભવભય હરતા રંગ રશ ભરતા;
અવિચળ હરીજનના વિશ્રામ......શ્રી.

(૩૬૩) મહાશ્વેતા કાદંબરી—
સખી જઇ સંદેશો કહેજે, મમ સખીને ધીરજ દેજેરે...સખી.
અસ્ત થતાં દીનકરનો નલિની ઉદાસ મનમાં થાય,
અલ્પ પરીચયે ચક્રવાકી પણ, પતિ સુખને નવ ચહાય
તજયું સખીએ દર્શન પર નરનું, હું કયમ નામ લઉં નરવરનું. જઇ.
સમજયા વિણ સુખની આશામાં, પામર જીવ તણાય,
વિષ્ય ભોગ આલોક તણા સૌ, અંતે નીરસ જણાય,
હશી પ્રથમ પરીણામે રોવુ, એ વિષયે કયમ ચિત્ત પરોવું...જઈ.

(૩૬૪)—કૌરવ પાંડવ—ભા (૨)
સખીરી ! ! કાહે સોચું મેય પલપલ (૨) છેલા કો છલબલ;
છેદ ગયે છતીયા, મુરઝાઈ રહત મતીયા......સખીરી...! !
બીરહા અગનસેં જીયરા જલાકે, લગા દિયા પર લોન;
દર્શ બિના ભઇ દુબરીરે, પઠાઉંગી પતિયા......સખીરી...! !

(૩૬૫)—ઓડાણો—
ભલી ભક્તિની માળ મણીમાણેક ને બાળ.
સજો સકળ સજન અમુલ. ભૂષણ એ...ભલી.
ધરી માળા પ્રહલાદજીએ કરી સહાય નરસિંહજીએ, પ્રીત ધરી, ધરીયે. ભલી
ધન્ય છે ધ્રુવરાજ શુકમા અચળછે આજ. ભક્તિ મોતી ને હંસ ચરજો,
જનની જણે તો જણ દાઆતા કે શૂરજન
નહિ તો રહે વાંઝણી. તુરના ગુમાવ જન.
ધન્ય છે ગંગામાતા વાળી શ્રી શ્યામ તોળાતા. ભક્તિ ભુષણ રાજજે...ભલી

૩૬૬)—મહાશ્વેતા કાંદબરી.—
બોલો બોલોને અંતરના બેલી નાથ વિનવું કરજોડી.
પિયુ જાશો કયાં અમને છોડી, પ્રિતિ જન્મો જન્મ તણી તોડી...બોલો,
સાખી { હાથે આવી હસલો ઉડી ગયો આકાશ,
જઇ બેઠો દુર દેશમાં, હવે મળવાની શી આશ.
મરજાદ મેં કુળની છોડી, (૨) તમ સંગે મે પ્રિતી જોડી (૨)
ઉઠો ઉઠો ને અંતરની કરીયે વાત, રાત રહી હવે થોડી...બોલો. બોલો.

(૩૬૭)—કીશોરસિંહ—
વદીએ સદા સત્યવાણી. સાચું જીવન હિતમાની,
કરે જે ખુશામત જાણી, તેની શરમજપર પાણી,
હાજી હાજી, યા કરતા દીવસજે રાત ઉચ્ચરતા
નીજ પેટ પાપથી ભરતા અન્તે દુઃખી તે પ્રાણી... ....વદીએ
બોલે મનુષ્ય પરખાયે, સૌ તોલ બોલથી થાયે
મીથ્યા લવારી માંહે, લઇએ શરમજી શીદહાની..................વદીએ
(૩૬૮)—મહાશ્વેતા કાદંબરી—
પ્રેમબિજ રોપ્યુ રદયે જીવન આધાર મારા.
પ્યારા પત્ર તારો ભાળી, ફુટયાનવ પલ્લવડાળી
ખીલી પુષ્પે તેહદવાળી (૨) જીવન આધારમારા.
મદનપડીને પુંઠે મીઠા પ્રેમ પુષ્પ ચુંટે.
મારી ફુલવાડી લુટે (૨) જીવન આધાર મારા.
(૩૬૯) —મહાશ્વેતા કાદંબરી—
અરે સખી ધીમે ધીમે ડગભર–ઉતાવળ આવડી આશી (૨)
પિયુ મુખ દર્શણ પ્યાસી. અરે સખી.. ......
અંતઃર મારૂં મારે છે ઉછાળા (૨)–હોય ઉછાળા યૌવન કેરા ચાળા (૨)
મંજરીવાળા, લાલા, લજાળા, પ્રિતમ તારા નહી જાય નાશી. અરે.
(૩૭૦)—કીશોરસીંહ—
પ્રિતલડી હું બાધુ કોઇ છબીલાની સાથે.
મૂવો ધરડો ભરથાર ભાગ્યો માથે ....પ્રીતલડી હું
નારી ચરીત્રો કંઇક નચાવુ–ચતુરા હું સટકી જાવું
પ્રેમ કમળની ભોગી ભમરી રમશુ–કેસુડાની સંગાથે . પ્રિતલડી હું
(૩૭૧) —યોગ કન્યા—
બ્હાર જોબનની ન્યારી, કાટર આખકારી, હણુ યારને શીકાર બની
વાર વાર હું,
નિત્ય હું નવેલી નાર વ્હાલાથી કરૂં વિહાર ......બ્હાર.
કાયા મારી આ કામને આધીન છે,
લોભીયો ધણી મુવો, બુદ્ધિ હીણુ , છે............બ્હાર.
(૩૭૨)—મહાશ્વેતા કાદબરી—
અલી જોજે મનાતી ભોળી મેના, ભોળવશે તુજને પોપટજી મુખે મીઠું બોલી.
અલી જોજે દેતી તુ અંતર ખોલી......ભોળવશે......
સાખી { પ્રેમે પોપટ દાઝ દીલની, દીલમહી સમાવશે,
ૠતુ વસંતે માનનીને, મદનરાજ મનાવશે.
રશ રાજની રશરેલ જ્યાં, રગ રગ મહિ વ્યાપી જશે,
જખ મારી મેના માનશે, પણ ખોઈ પાયે લાગશે.

(૩૭૩)—દુખીયા દુલ્હન—

સબહિ સહાયા સબળકો, દુર્બલ કો ન સહાય,
પવન જગાવત આગકો, દીપક દેતહી બુઝાય.
ધીરજ રાખોરે દુખીયારી, કહાંતક અશ્રુ ખારી,
જુઠી પ્રીતપે કાહે જાન એહ, નીશારીઆ.
છોડ છોડ દયા ન પ્યારી, નકર ચાહે જારીયા,
ઉડાને પચે રહને ગુલકી, ધુજીઆં આયા.
ન ઉડને પાયેકે સયાદ, નીગાહ આયા,
બ્હાર આનેકોથી, મઓ સમે બીજાં આયા......સબહિ.

(૩૭૪)—શૃંગીરૂષી—

મુનીરાજ ક્ષમા હું યાચું,
પતિતપાવન અધમોધારણ ! શરણ આપનું સાચું...મુની.
ચંદન શીતળ ચન્દ્રમા, વૃષ્ટી કરે અમૃત તણી,
એ સર્વથી શીતળ કૃપા, શાસ્ત્રે મ્હજજન તણી ગણી.
દોષ રોષ અમમા નવ ધરશો, દષ્ટી એક દયાની કરશો,
લક્ષ ચોરાશી હરણ સુખ રાસી, શરણ આપનું શાચું...મુની.

(૩૭૫)—શૃંગીરૂષી—

મહિમા એનો મુખે કહ્યો કેમ જાય..... ......મહિમા મુખે
મોક્ષ માર્ગની યાત્રા સાચી, જીંદગીથી સચવાય,
કલ્યાણ પામવાનો મર્મ ન જાણે, પ્રાણી બધાં અટવાય...મહિમા.
વસન્તમાં ખીલતાં જે ફુલડાં, ગ્રીષ્મમાંહી કરમાય,
એની એજ વળી ગ્રીષ્મ વસન્તે, આવે ને વહી જાય...મહિમા.
જાણ્યાં છતા પણ રહે અજાણ્યાં, તેને શું કહેવાય,
અણુસમજુને શું સમજાવે, સમજે સ્હેલું જણાય...મહિમા.

(૩૭૬)—શૃંગીરૂષી—

ગાન મધુરાં કંઇ ગા, અલી રજની, ગાન મધુરાં કંઇ ગા,
તારલીયા તણો સાલુડો ધારી, કામણગારી ન થા...અલીરજની.
ચાંદલીયાને ઉરપર ધારી, એકલડી ન હરખા.........અલીરજની.
યોગીજનો સખી સાધે સમાધી, શિતળ સમીર તું વા...અલીરજની.

(૩૭૭)—શૃંગીરૂષી—

ના.ના.ના એ નહિ બને (૨) શરીર લગ્ન નહિ ગમે મને. ના ના. ના.
માછલડી સરવર જળ પ્યાસી, ખારા સાગરે રહે ઉદાસી,
મીઠું જળ માને સુખરાશી, તેનું મનડું ત્યાં રમે...ના. ના. ના.
આત્મ લગ્ન વિણ જીવન કારૂં, શરિર લગ્ન શું કરે બિચારૂં,
જે—જેનું—તે તેને, ગાંડુ ચિતડું ત્યાં જામે..............ના. ના. ના.

(૩૭૮)—બાજીરાવ પેશ્વા—
જોબન રંગે રંગાતી, છાતી, સુપક્વ અનાર.
છાતી સુપક્વ અનાર, હિરાનો હાર, શોભીત સુખકાર,
કટી કેશ ભારે લચકાતી, વાયુ વેગથી. ઝુંકવડી જાતી.
ગાલ આ લાલશા, રંગીલી રસીલી, છબીલી હું નાર,
હશે પુન્યશાળી કોઇ મને ચાહનાર..............રંગાતી.

(૩૭૯)—રતિ ચન્દ્ર—
પ્યારે જોબન બગીચામેં, આવ આવ આવ, બેઠી દેખું રાહત, ના કૂસાવ—પ્યારે.
પ્યારે મોરે સૈંયા, મેતારે લઉ બૈંયા, મોરા કનૈયા કો કોઇ દીખાવ, ખાવ(૨) પ્યારે
જુહી કે ચમેલી મોગરો ગુલાબ, પ્યારે પિયોચે, જોબન શરાબ,
પ્યાલા ભરકે તૈયાર યાર, લાવ, લાવ, લાવ ....પ્યારે.

(૩૮૦)—બ્રહ્મર્ષિ વિશ્વામીત્ર—
કામભોગી રાજયોગીને બનાવવા.
જપ તપથી રૂષીવરને નીકળી ચળાવવા.........કામ.
ચિત્તહર યૌવનની મને મોટી મન હામ છે !
નિહાળી હાવભાવ, પુરૂષ નારના ગુલામ છે !
એ દરશાવવા રૂષીરાજને ભરમાવી......કામ ભોગી.

(૩૮૧)—દુ.ખિલા—
સખી, એ મારા પીયુ વિના પલક ના સુહાય, મારૂં રદય આલી આંસુથી ખાલી.
ધડક ધડક ધડધડ ધડકાય, વિરહની લ્હાય, સહિ ના જાય...મારા પિયુ.
પીયુ પરદેશ વસ્યા, શેજ હું એકેલી બાળા, રેન અંધારી ભયથી ડરૂં ભારી,
સ્વપ્ન સૂતાં કંઈ વિપરીત આવે, મરૂં ઝબકી જાગી ભયથી છાતી ધડધડધડકાય

(૩૮૨)—ઓખાહરણ—
નારીની કેવી બલિહારીરે ભાઇ, નારીની કેવી બલીહારી...હાં.
નારીની કેવી દીલદારી, નારી સૌના મન રીઝાવે,
નારીની લીલા છે ન્યારીરે ભાઇ......................નારી.
નારી વિના સૂની આ સૃષ્ટિ, નારી પાછળછે દીવાનીરે ભાઇ.....નારી.
લાલ પાલ સો થાયે નારીના, માયા મમતાછે નારીના ભાઇ...નારી

(૩૮૩)—સૂરેખાહરણ માંથી (મ્હાત્મા ·તુલશીદાસ કૃત—કૃતી)
જય રામ રમારમણં, શમનં, ભવતાપ ભયાકુલ પાહિજનં,
અવધેશ સુરેશ રમેશવિભો, શરણાગત માંગત પાહિ પ્રભો.
દશશિશ વિનાશન વિશભુજા, કૃત દૂરી મહા મહી ભૂરી રૂજા,
રજનીચર વંદ પતંગ રહે, શરપાવક તેજ પ્રચંડ દહે.

(૩૮૪)—મુદ્રાપ્રતાપ—

ઉભાં રહો! ઉભાં રહો! ઉભા રહો જરાય! ઉભાં રહો જરાય!
ન મારાથી ચલાય... ... ...ઉભા રહો!
(કેમ શું! થયું) વાગ્યો કાંટો ઝીણો, તેથી ઉપડે ન પાય.
અરરરર......દુ:ખ બહુ થાય......ઉંહું? ખુબ બળે લ્હાય,
જાણે પ્રાણ મારા જાય...અરર ઓય...ઉભા રહો.

(૩૮૫)—મુદ્રાપ્રતાપ—

ગીત વખતનાં ગાવાની ગત, પુછી જુઓ ગાનારાને.
જેવું તેવું ખાવાની ગત, પુછી જુવો ખાનારાને.
મહાજન મોટા થવાની ગત, પુછી જુઓ થાનારાને;
વિણ બોલાવે જાવાની ગત, પુછી જુઓ જાનારાને.
ધાડ પડે તો ધાવાની ગત, પુછી જુઓ ધાનારાને.
જેને તેને ચાહવાની ગત, પુછી જુઓ ચાહનારાને.

(૩૮૬)—મુદ્રાપ્રતાપ—

સતી તણાં સુખ સૌ પતિ ચરણે પતિ વડે ચુડી ચોટલો (૨)
પતિથી રહે અળગી પીયર તે પાપનો બાંધે પોટલો (૨)...સતી,
પીયરનાં પકવાન નકામાં, મીઠો સુકો સાસરીયાનો રોટલો (૨)...સતી.
મહીયરના રંગ મહેલ નકમાં, રૂડો અઢી ગજ સાસરીયાનો
ઓટલો (૨)...સતી.

(૩૮૭)—મુદ્રાપ્રતાપ—

સખી કોયલ ટોકેરે, ટીહુ ટીહુ સાદ કરી–ટીહુ સાદ કરી (૨) સખી.
શુભ શુકન વિલોકેરે, હૈયે બહુ હેત ધરી (૨)..............સખી.
પતિને મળવાનીરે, આતુરતા છે મનમાં ઘણી,
હોંશ હૈડાની છાનીરે, પુરી થાશે ઓરમણી (૨)
પુણ્ય પુર્વના સાચારે રૂડા નર વરને વરી
સખી આપણુ પાછારે, હવે કયારે મળશું ફરી (૩).........સખી.

(૩૮૮)—મોહજીત—

હજુ નહિ આયે બાલમ, કૈસે કટે રતિયાં;
બાલા જોબન મોરી છોટી ઉમરીયાં....હજુ.
સખી સંગ કોઉ નાહિ, અબતો બ્યાકુલ ભઈ,
વૃજમેં અકેલી રહી, પ્રીતમેં થક ગઇ,
બીના કનૈયા મોરી ધરકત છતિયાં...હજુ.

(૩૮૯)—મોહજીત—

આ વિશ્વરૂપ વનવાડીની શોભા, સુઘડ સતિયો થકી;
જનરૂપ જુઇના પુષ્પની, ખુશબો ખરે તેમાં રહી...આ.

સુખદ આ સંસારમાં, દુનીયા તણા વ્યહવહારમાં
ભરથારને બ્રહ્માંડમાં દેનાર, સુખ તો છે સતી...આ.

(૩૯૦)—સતીનો શ્રાપ—

પ્રાણ પ્રીતી શું વીસારી, ઉદાશી, અંગ ધારી
ન બોલો આવી વાણી; હું દાશી છું તમારી...પ્રાણ.

સાખી { વૈરાટ રૂપે વિશ્વમાં, આપ બન્યા અધીરાજ
પરશુ બની હું તે પળે ક્ષત્રી હણવા...કાજ

તેને આજે કરી છે અકારી જીવણજી !...પ્રાણ.

(૩૯૧)—સ્નેહ સરીતા—

આજે ઉત્થાપન કરીએ, મંડળ પાણીચું લઇએ,
મહિલાનો ઝુંડો ધરીએ, પાઘડીનો વળ ફેરવીએ,...આજે.
નિષેધક મોઢાં કાળાં "બૉય કૉટ" કરો ના બાળા,
બસ, વેલકમ, સૌ સુધારા, બસ, વેલકમ, સૌ સુધારા,...આજે.

(૩૯૨)-(સત્યનારાયણ)—થાવાનું તે થવાનું છે—

ચીંતા મુરખ નર શું કરે, લખીયું લલાટે થાય;
ક્રોડ કરો ઉપાય થાય સું, કર્મ છુપ્યું ન છુપાય;
કંઇક જન્મનાં કર્મ કર્યાંથી; કર્મ સદા બંધાય,
વાવ્યું તેવું છે લણવાનું, વિશ્વ વિભુનો ન્યાય,...ચીંતા.
બાવળીયા વાવિ મુકર્યાં ત્યાં, કેમ ગુલાબ ચુંટાય,
ઉગ્યું ગુલાબ પછી ના નહીં તે, બાવળમાં બદલાય...ચીંતા.
જાર કરાવી જમે ચોપડે, કયમ મોતી મંગાય.
મોતી દીધાં તો મળશે મોતી, શીદ ખોટો શંકાય....ચીંતા.

(૩૯૩) (પ્રહલાદ વિજય)—ત્રિર ભકિત—

ભક્તિ નૌકામા બેશીનેરે, ભવતરીયે,
ભવતરીયેરે જગથી શાને ડરીયે-(૨)...ભક્તિ
અમૃત અળગું કરી વિષ શીદ પીજીએરે,
સૈયા-છોડીને શીદ ભુમી થરીયેરે,
જગથી શાને ડરીએ...(૨)...ભક્તિ.
જુઠી છે જગની માયા, પ્રભુપદ સાચુંરે,
હેતે કરીને હરિવર વરીયેરે;
જગથી શાને ડરીયે...(૨)...ભક્તિ.

(૩૯૪)—ભક્તબાળા—

પુરણ બ્રહ્મ પરમેશ,
નમન વિભુ અરજ અકામી, ગટમી ઘટ ઘટ,
સ્વામી, શ્રી સુરેશ સુરારી,

વિશ્વવિધ નામી, અવિચળ ધામી, અંતર્યામી,
દીન તણા દુખ ટાળક દેવા.
જય જગપાળક કૃષ્ણચંદ્ર.

(૩૯૫)—ભક્તબાળા—
નિર્ગુણ નિર્વીકારી નિરંજન નિરાકારી.
અગમ નિગમ જાણી નેતિ નેતિ વેદવાણી,
બ્રહ્મ રૂપ તત્વમશી તેજ રૂપ સુર્ય શશી.
આપની અગાધગતિ પાર નવ પામે મતિ.

(૩૯૬)—ભક્તબાળા—
વંદન વિહારી વૃજ, અલખ અજરઅજ,
ગોવિંદ ભયહર ગજ, સુખ શાન્તિ સજ,
ગીરીવર ધર અઘહર અખિલેશ, પ્રાણ તણા, પાળક પરમેશ,
ઘટઘટ નટવર વ્યાપક આપ, શુભ શાંન્તી સ્થાપન. તનમન મુદભર

(૩૯૭)—રામવિયોગ—
ૐકાર વિશ્વસાર, વંદુ ભાવે વારંવાર,
ભવજલથી તારનાર—ૐકા.
અષ્ટ સિદ્ધ નવ નિદ્ધી, દાતાર શાન્તિ સાર,
ભકત વત્સલ છો, દયાળુ જયવર જયકારી.

(૩૯૮)—રામવિયોગ:—
જય જય જય દશરથ નંદન, જગદાનંદ (૩) વંદન.
ગંભીર રણધીર, સીતા સુદીર આ આ આ...અવસરનાથ,
દૈત્યોને મારો, ભકતોને તારો, સૃષ્ટિ ઉદ્ધારો
ધિરકીટ તક ધિ ધિના ધા, ધિના ધા ધા ધાતુના (૩)
ધાકીટ કિટ ધુમ કિટ કિટ ધિના, આ આ અવશરનાથ,
કદાન ધા ધા ધા ધા. (૩) જય૦

(૩૯૯)—સ્વાર્થના સ્નેહી-રાગ...એ માથે મટુકી લઇ જાવું.
એ...ગુરૂ ગુણ હવે હું...ગાઉં
પાપ પુંજમાં હવે, શીદ સપડાવું...એ.
કાયા મારી પાપી ભારી, ગતી મતી સોહે છે, વિકારી.
એ...ભકિત નાદે, મનવાને ચઢાવું...એ.
સ્વાર્થના સ્નેહી સૌ ભારી. "ચુની" લેજે ચિત્ત ધારી,
એ ખોટા ભાવોથી, હવે ના ફસાવું...એ.

(૪૦૦)—માગણી—   રાગ કવ્વાલી
ગુરૂ કૃપા કરો મુજ પર, ગોવિન્દ દીખાવોગે તો ક્યા હોગા.
ગુરૂ હય ક્યા દોસ્ત ઓર ભાઈ, ગુરૂ હય બાપ ઓર માઇ,

ભારા હય હુંપદ સખકે દીલમેં, ઉસે છોડાવોગે તો કયા હોગા.
રોકો સબ દુઃખ દરદ મેરે, દિખાવો આપ દાનાઇ,
સેવક હમકો તુમારા હય, દશં દોગે તો કયા હોગા.
ચુક હયજો હમેરી વો, ન લાવો આપ મન માંહી,
નીશદીન શરન ચાહતા હું, શરન દોગે તો કયા હોગા.
બેશુમાર હય તુમારી રહમ, રખેના રહમ એસી કોઈ,
ઠોડાસા ભાવ શેવક પર, રખોગે તો કયા હોગા,
છે બિનતી હમારી એ, ઉતારો આપ મનમાંહી,
તુંમારે ભરોસે હમતો હે, નિભા લોગે તો કયા હોગા.

(૪૦૧)—(પ્રસિધ કર્તા–નામ દર્શક) ભજન.

શા માટે મુઝાય મનતું ભાવે હજી ભજીલે, મનતું ભાવે હરી ભજીલે.
રસનાએ ના વિશાર દીવાનાં, હેત હરીથી કરી લે......મન તું
તનમન ધનથી શેવ હરી તું, તજના આણુપણુ એનેરે,
નદકુંવર શુ પ્રીત કરી લે, તરશે તું અભાવથીરે ..મન તું.
લાવખત કથી કથી કહું છું, તન મન ધન સો અરપિદે
લક્ષમીપતી ના ચરણુકમળમાં ચીત 'ચુનિ' તું જોડી દે–મન તું.
માહા મોટમ મહારાજ તણી, એ કળે કોણુ આ જગમાહિ,
નેતી, નેતી, વેદ વખાણે, પાર ન જેનો કોઇ પામે......મન તું.
કર કૃપા કરણાળું કેશવ, દાસ—"ચુનિ' શીશ નામે,
લાળું છું પ્રભુ હું તમ આગળ, મમ દીલની વાતો કેવાને–મન તું.
લક્ષમાં લેજો દીનદયાળુ અતર ઉદ્દગાર સેવકનાએ,
સુખ દુ:ખ વિધિ એ લખ્યા લેલાટે, દોરો સઘળી તારે હાથ–મન તું.
રટણુ કરૂં તારૂં હું મનથી, શમજું ના કાંઈ બીજું ઓ નાથ
તનમનથી પ્રભુ વિનંતી કરૂં એ. દયાળુ આશીશ 'ચુની'ને દે–મન તું.

સમાપ્ત.

સારાં અને સસ્તાં પુસ્તકો ખરીદવા માટે નીચેનું સરનામું ધ્યાનમાં રાખજો.

વાંચવા લાયક સર્વોત્તમ પુસ્તકોની પસંદગી કરવા માટે ચુંટી કાઢેલાં ઉત્તમ પુસ્તકોનું

પ્રાઇસલીષ્ટ.

સુરતીલાલ. (સર્વોત્તમ શિક્ષાપ્રદ. સંસારીક સચીત્ર નોવેલ, એકવાર વાંચવા લીધા પછી હાથમાંથી મુકવું ગમશેજ નહિ. ઉત્તમ અભિપ્રાય પામેલું સંસારીક નૉવેલોમાં સુરતીલાલ પહેલો નંબર ભોગવેછે ચીકણાં ૩૨૫ પૃષ્ટ. સોનેરી નામવાળું હોલ કપડાનું બાઇડીંગ ૧૬ સુંદર ચિત્રો સાથેનું દળદાર પુસ્તક છતાં કીમત માત્ર રૂ ૧-૦-૦. પોષ્ટેજ જુદું.

નટવર અથવા મોહટાંના છોકરાં. (ખરાબ દોસ્તોથી નીપજતું માઠું પરીણામ (૩૬) ચિત્રો, મજબુત પાકું પુઠું કિમત રૂા. ૩-૦-૦)

સવિતા યાને ભુલના ભોગ. નાનકડી ડીટેકટીવ નૉવેલ સુંદર આર્ટપેપરપર છાપેલા ચાર મનમોહક ચીત્રો સહિત કીં. ૦-૪-૦.

રમણ તારા અથવા ભાગ્યહિન ભાઇ બ્હેન-કર્મની કમબખતીનો આબેહુબ ચિતાર, એક ભાટીયા ગ્રહસ્થને પડેલી મુશીબતના મોજાં, આખરે સત્યનો વિજય. કીમત રૂ. ૧-૦-૦.

શિરહિન શબ અથવા માથા વિનાનું મુડદું-(ભયાનક દ્રષ્ય દાખવનારૂં અજાયબ ડીટેકટીવ નોવેલ રૂ. ૦-૮-૦

ગુલસાના. (અજાયબી પ્રેમ પરીસીમાંથી છલા છલ ઐતિહાસીક પ્રેમ દ્રષ્યરૂપ નૉવેલ કી. રૂ. ૧-૦-૦.

હિંદુ બેરીષ્ટર યાને સદગુણી સુમન. આ પુસ્તક માટે કાંઇ પણ પ્રશંસા કરવી. તે સુવર્ણપર ગીલીટ ચઢાવવા જેવુંજ છે. ફક્ત એકવાર વાંચીને ખાત્રી કરો કી. ૦-૧૨-૦.

મંડળગઢની મોહિની. (અલાઉદ્દીન ખુનીના રાજતરંગ વખતની ઐતિહાસીક અલૌકીક ઘટનાં કીં. રૂા. ૦-૮-૦.)

શા. ચુનીલાલ છગનલાલ બુકસેલર. લીમડાચોક-સુરત.

સારાં અને સસ્તાં પુસ્તકો ખરીદવા માટે નીચેનું સરનામું ધ્યાનમાં રાખજો.

બાદશાહ અને બીરબલ.:(ભાગ ૧ થી ૧૮ સાથે અપૂર્વ વાર્તાવિનોદનો ખજાનો. આના જેવું ચતુરાઇ અને હાસ્યરસથી ભરપુર પુસ્તક ગુજરાતી ભાષામાં બીજું ભાગ્યેજ હશે.) કી ૦—૧૨—૦

બહાદુર બાહરવટીયો અને બાળકનું ખુન.—(લોહિના પ્યાલાની ભેદભરેલી ઐતિહાસીક વાત) કી. રૂ. ૦—૮—૦.

પ્રતાપચંદ્ર. (ભાગ ૧ તથા બીજો. શુરવીર રાજપુતનાં શૌર્ય રવીની ચઢતી કળા નીરખવિ હોય, મીત્રધર્મનું અલૌકીક દ્રષ્ય નીહાળવું, હોય, તીલસ્માતીક ભેદભરમનું છુપું દ્રષ્ય જોવું હોય તો. જરૂર ખરીદજો.) કી. બંને ભાગની રૂા. ૧—૪—૦.

પરમાર પૃથુસિંહ. ભાગ ૧ અને ૨ (ઉપદેશ યુકત અતિહાસીક નવલ નૉવેલ—પાને પાને નવિન વાંચનથી ભરપુર. કીંમત બંને ભાગ સાથે) રૂા. ૧—૮—૦.

મહારાજા છત્રસાલ. (બુંદેલખંડના ભાગ્યરવિ ઐતિહાસિક નોવેલ. એકવાર વાચ્યા પછી ફરી ફરી વાચવા માટે મન આકર્ષનાર નોવેલ) કી. રૂ ૧—૪—૦.

સુન્દર રસિક અને મણી મેના. (ચઢતી પડતીનો આબેહુબ ચિતાર દર્શાવનારી સંસારીક નવલ નોવેલ) કીં ૦—૧૨—૦

માન મુસાફરી. (પરોપકારી રાજપુત વિરરત્નની પરોપકાર વૃતી દર્શાવનારી સાત ચમતકારીક પશ્નની વાર્તા) કીં. ૦—૮—૦.

કુમુદ કુમારી. અતિશય આકર્ષક ભાષામાં ચિતરાયલી સ્ત્રી પુરૂષ વૃદ્ધ અને બાળકને સર્વને આનંદ રસમાં છલાછલ કરનારી ઉત્તમ નોવેલ કીં ૧—૮—૦.

મોતી મહાલ. નાનકડી પ્રેમ નોવેલ કીં. ૦—૨—૦.

અમર આખ્યાન. ભાવિભકતોનાં ચારીત્ર દશાવનારૂં અનુપમ ભકિત દર્શણુ આખ્યાન સમુહ) કીં ૦—૮—૦

યોગી અને રાજકન્યા. અનુપમ નોવેલ કીં. ૦—૮—૦

સતિ ભદ્રા અને કવિ કાળીદાસ. દેવીના વરદાથી કવિશ્વર કાળીદાશ અને સતિ ભદ્રાનું ચારીત્ર કીં. રૂ. ૦—૮—૦.

સગુણ—સવિતા. ઉત્તમ સંસારીક નોવેલ કીં. ૦—૮—૦

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર. લીમડાચોક–સુરત.

બત્રીસ પુતળી. (મ્હાભારત વાર્તાનો ખજાનો મહા પરોપકારી રાજેંદ્ર વિર વિક્રમનાસિંહાસન એ પુતળીની ભોજ ભુપતીને કહેલી ચાનક આપનારી ૩૨ મોટી વાર્તાઓનો સમુહ કી. રૂ. ૧-૮-૦

સુડા બોહતેરી. સુડા (પોપટે) કહેલી બોહતેર વાર્તા. જારિણી સ્ત્રીઓનાં ચાતુર્યની દર્શણુ કરાવનારી શૃંગારરસથી ભરપુર વાર્તા. કી રૂા. ૧-૦-૦.

કામ કળા અને કામરૂપ, સિંહલદ્વીપની રાજકુમારી અને કામરૂપ રાજાની પ્રેમ ભરી વાર્તા કી. રૂા. ૦-૮-૦

અરેબીયન નાઇટસ-(એક હજાર અને એક રાતની ચમત્કારીક વાર્તાનાં ભંડારનું પુસ્તક, ઉંઘ, આળસ, અને ખાધખોરાકનો ત્યાગ કરાવી માત્ર વાર્તાનાંજ સ્વપનાં આણનાર ચમત્કારીક પુસ્તક કીં. રૂ. ૨-૦-૦.

વ્યાપાર શીક્ષક-(વ્યાપારી વર્ગોનું બહોળું જ્ઞાન આપનાર હુન્નર ઉધ્યોગનાં ઉદધી રૂપ મોટું પુસ્તક. કીં ૨-૦-૦

બૃહત હુન્નરસાર સંગ્રહ-(ઉત્તમ હુન્નરોનો સમુહ) કીં. ૦-૧૨-૦

જાદુકળા પ્રકાશ-(હુન્નરી બાબતોનો પુષ્કળ સમાવેશ ઉપરાંત વૈદક મંત્ર, તંત્ર, વીગેરેથી ભરપુર. કીં. રૂ. ૧-૦-૦.

અનંગ રંગ-(મર્યાદા યુકત કોક શાસ્ત્રની પદ્ધતિ દર્શાવનારૂં ઉપ્યોગી પુસ્તક. કીં, ૧-૦-૦

ભજન સાગર- (ભાવિક ભકતોને ભક્તિ યોગ દર્શાવનાર પ્રભુ ભજન અને જ્ઞાનના સાગર રૂપ રત્નપુસ્તક કીમત રૂા. ૦-૮-૦

કાવ્ય દોહન-અનેક કાવ્યના દોહન રૂપ ઘેર બેઠા ગંગાજી આણનાર ભકિત રસની રેલછેલ ઉપજાવાનાર મહા ભકતરાજોનાં બનાવેલા ઉત્તમ કાવ્ય કલાપનો સંગ્રહ, કીંમત:રૂા. ૧-૦-૦

ભજન ભંડાર-હીદુસ્તાની કવીઓના ઉત્તમોત્તમ ભજનો કીમત રૂા. ૧

ભકતમાળ-એકશો સીતોતેર ભક્તરાજોનાં ચારીત્ર દર્શાવનારૂ વૈષ્ણવોને અતિ ઉપયોગી ભક્ત પ્રસંગનું પુસ્તક, કીમત રૂા. ૧-૦-૦

રામાયણ-કવિરત્ન ગીરધરનું બનાવેલું. શ્રીમાન રાજેન્દ્ર શ્રી રાજચુડામણી દથરથ નંદન શ્રી રાજચન્દ્રજીનું મુખપાઠ કરવા યોગ્ય ભક્તિમાર્ગ દર્શાવનારૂં શ્રેયસાધન મોટું, પુસ્તક કીં રૂ ૨-૦-૦

ચતુર સ્ત્રી વિલાશ-ભા. ૧ થી ૬. (ગરબાઓનો મોટો સંગ્રહ) કીં. રૂા. ૦-૮-૦

શા. મનીલાલ મગનલાલ બકસેલર. લીમડાચોક-સુરત.

[illegible]તેહાર !! ઇશ્તેહાર !!!

[illegible] જ્હો હો, આઇએ તશરીફ લાઇએ, હમને [illegible] [illegible]મી મઝહબકી કિતાબોં ઔર ગુમહારે [illegible]ચંદ [illegible] ઔર નાટકોં ઉરદુ ઝબાનમેં ઔર ગુજરાતી હરફોમેં છપવાઇ હે. જીન સાહેબોંકોં ખરીદના મનઝુર હો કીમંત દે યા કાગજ ભેજકે મંગવા લો. ફકત કીસ્સે ગઝલોં ઉર્દુ, ઝબાન ઔર ગુજરાતી હરફોમેં.

નામ	કીમત	નામ	કીમત
ગ્રાહે ઝુકુમ	૦—૨—૦	કાલીગોરી કીસ્સા	૦—૨—૦
શાહેરૂમ	૦—૨—૦	જમજમકી ખોપરી	૦—૧—૦
યુસુફે સાની	૦—૪—૦	કીસ્સા સીપાહજાદા	૦—૨—૦
લાલ ગોહર	૦—૨—૦	કીસા સોદાગર બચ્ચા	૦—૨—૦
મ જુલઅરસ	૦—૧—૦	ઇંદ્રસભા ચીત્રવાલી	૦—૨—૦
ખુલાસા	૦—૨—૦	કીસા સાહેયમન	૦—૨—૦
સીતારા	૦—૫—૦	નાજની પઠાન કીસ્સા	૦—૧—૦
નામા	૦—૧—૦	ચુહાબીલી કીસ્સા	૦—૧—૦
મા બીબીફાતમાકા	૦—૧—૦	મીરૂઅલમ કીસ્સા	૦—૧—૦
યાને બાગેરસુલ	૦—૩—૦	બીબીમરીયામ કીસ્સા	૦—૧—૦
બા બીબીફાતમાકા	૦૧—૦	છબીલી ભઠયારી કીસ્સા	૦—૨—૦
મે મુનાજાત મુનાજાતે બારી	૦—૧—૦	ગુલચમને બોસ્તાન	૦—૨—૦
		મજનુએ જાગીનામા	૦—૧—૦
નામા	૦—૧—૦	ગુલજારે માતમ	૦—૧—૦
એ મદહયાત	૦—૪—૦	માહાતમ છોટા	૦—૧—૦
એ નઝમુઝીઆ	૦—૪—૦	છેલબટાઉને મોહીના રાની	૦—૧—૦
	૦—૨—૦	હાતમતાઇ કીસ્સા	૦—૮—૦
ચાર દુરવેશ	૦—૫—૦	ઝવાહીરહીંદી	૦—૯—૦
ઔર શાહેપરી કીસ્સા	૦—૨—૦	તરકીબુસલાત	૦—૪—૦
મોહમદહનીફ કીસ્સા	૦—૪—૦	જંગનામાએ મોહમદહનીફ	૦—૮—૦
ટીમ અનસારી કીસ્સા	૦—૪—૦	ગુલજારે પંજતન	૦—૩—૦

ઔર ઇસ સીવાય બહોત જાતકે કીસ્સે કહાની વગેરે

— મીલનેકા ઠીકાના —

શા૦ ચુનીલાલ મગનલાલ બુકસેલર.

લીમડાચોક—સુરત.

...નીકો માટે.

જ્યોતિષી ... ...

રેવાશંકર ભવાનીશંકર.

ઠ૦ છાપરીયાશેરી સુરત.



... સુરત.

હમારા જ્યોતિષ કાર્યાલયમાં દરેક પ્રકારનું જ્યોતિષ સંબંધી કામ કરવામાં આવે છે.

[illegible] ... તમારા ભવિષ્યને [illegible] ઉપરના શરનામે પધારશો.

બહાર ગામના ઓર્ડર પર ખુરત ધ્યાન આપવામાં આવે છે.